પ્રકરણ : 15

# ધોરણ-10 વિજ્ઞાન

તારીખ : 07/05/20
સમય : 3.00 કલાક

## વિભાગ A

- **નીચે આપેલા ચાર જવાબો પૈકી સાચો વિકલ્પ પસંદ કરો. (પ્રત્યેકનો 1 ગુણ)** **[61]**

**1. ઊર્જાનો સ્રોત-ખોરાકને શરીરની અંદર દાખલ કરવાની ક્રિયાને .......... કહે છે.**
(A) પોષણ (B) પાચન (C) પરિપાચન (D) પ્રચલન

**જવાબ (A) પોષણ**

**2. સજીવોની શારીરિક વૃદ્ધિ માટે ખાદ્યપદાર્થ જરૂરી છે. જેમાં મુખ્ય ........... ઘટક જોવા મળે છે.**
(A) પ્રકાશસંશ્લેષણ (B) કાર્બન (C) નાઇટ્રોજન (D) હાઇડ્રોજન

**જવાબ (B) કાર્બન**

**3. શરીર માટે જરૂરી આવશ્યક અણુઓના નિર્માણ અથવા વિઘટનની ક્રિયા માટે ........ ક્રિયા થાય છે.**
(A) પ્રકાશસંશ્લેષણ (B) શ્વસન (C) ચયાપચયિક (D) ઉત્સર્જન

**જવાબ (C) ચયાપચયિક**

**4. ખાદ્યસ્રોતોનું વિઘટન કરી શક્તિ મુક્ત કરાવતી ક્રિયા .......**
(A) શ્વસન (B) પ્રકાશસંશ્લેષણ (C) કોષવિભાજન (D) વિભેદન

**જવાબ (A) શ્વસન**

**5. અમીબાના શરીરની સંપૂર્ણ સપાટી પર્યાવરણની સાથે સંપર્કમાં રહે છે, તેના લીધે ........ શક્ય બને છે.**
(A) ખોરાક ગ્રહણક્રિયા (B) વાયુઓની આપ-લે ક્રિયા
(C) ઉત્સર્ગ ઘટકોના નિકાલની ક્રિયા (D) ઉપરોક્ત તમામ

**જવાબ (D) ઉપરોક્ત તમામ**

**6. ઉત્સર્ગ દ્રવ્યોને કોષોમાંથી ઉત્સર્જન પેશી સુધી પહોંચાડવા માટે .......... તંત્રની જરૂરિયાત પડે છે.**
(A) પાચન (B) પરિવહન (C) પરિપાચન (D) પ્રજનન

**જવાબ (B) પરિવહન**

**7. શરીરમાં ખોરાકના ઘટકોને ઉપયોગમાં લઈ ......... ક્રિયાઓ થાય છે.**
(A) વૃદ્ધિ (B) વિકાસ (C) પ્રોટીન સંશ્લેષણ (D) ઉપરોક્ત તમામ

**જવાબ (D) ઉપરોક્ત તમામ**

**8. સ્વયંપોષી સજીવો ખોરાક નિર્માણમાં ........ જેવા અકાર્બનિક ઘટકોનો ઉપયોગ કરે છે.**
(A) કાર્બન ડાયૉક્સાઇડ-પાણી (B) ઑક્સિજન-પાણી (C) ખનીજો અને પાણી (D) નાઇટ્રોજન-પાણી

**જવાબ (A) કાર્બન ડાયૉક્સાઇડ-પાણી**

**9. ખોરાકના જટિલ ઘટકોને સરળ ઘટકોમાં નિર્માણ કરે છે......**
(A) ખનીજક્ષારો (B) ઉત્સેચકો (C) કાર્બન ડાયૉક્સાઇડ (D) નાઇટ્રોજન

**જવાબ (B) ઉત્સેચકો**

**10. પ્રાણીઓ અને ફૂગની ઉત્તરજીવિતતા માટે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે .......... પર આધારિત છે.**
(A) સ્વયંપોષી સજીવો (B) વિષમપોષી સજીવો (C) અંતઃપરોપજીવી સજીવો (D) પરોપજીવી સજીવો

**જવાબ (A) સ્વયંપોષી સજીવો**

**11. સ્વયંપોષી સજીવોની કાર્બન અને ઊર્જાની જરૂરિયાતો ........ ક્રિયા દ્વારા પૂરી થાય છે.**
(A) શ્વસન (B) પ્રકાશસંશ્લેષણ (C) પાચન (D) ઉત્સર્જન

**જવાબ (B) પ્રકાશસંશ્લેષણ**

**12. સ્વયંપોષી સજીવોમાં ક્લોરોફિલ અને સૂર્યપ્રકાશની હાજરીમાં $CO_2$ અને $H_2O$માંથી ......... નું નિર્માણ થાય છે.**
(A) પ્રોટીન (B) કાર્બોદિત (C) ચરબી (D) ઉપરોક્ત તમામ

**જવાબ (B) કાર્બોદિત**

**13. વનસ્પતિઓને ઊર્જા આપતા કાર્બોદિતોનો સંગ્રહ ......... તરીકે થાય છે.**
(A) સ્ટાર્ચ કણો (B) પ્રોટીન કણો (C) ચરબી કણો (D) ઉપરોક્ત તમામ

**જવાબ (A) સ્ટાર્ચ કણો**

**14. પ્રાણીદેહમાં ખોરાકનો સંગ્રહ .......... સ્વરૂપે થાય છે.**

(A) ગ્લુકોઝ (B) ગ્લાયકોજન (C) ગેલેક્ટોઝ (D) ગ્લિસરોલ

**જવાબ (B) ગ્લાયકોજન**

**15. .......... અંગિકામાં ક્લોરોફિલ આવેલા છે.**

(A) લાયસોઝોમ (B) હરિતકણો (C) તારાકેન્દ્ર (D) કોષકેન્દ્ર

**જવાબ (B) હરિતકણો**

**16. વનસ્પતિઓમાં વાયુઓનો વિનિમય ......ની સપાટી દ્વારા થાય છે.**

(A) મૂળ (B) પ્રકાંડ (C) પર્ણ (D) ઉપરોક્ત તમામ

**જવાબ (D) ઉપરોક્ત તમામ**

**17. પર્ણોના પર્ણરંધ્રો ખૂલવાની અને બંધ થવાની ક્રિયાનું કાર્ય .......... દ્વારા થાય છે.**

(A) રક્ષકકોષો (B) અધિસ્તરીયકોષો (C) સહાયકકોષો (D) ઉપરોક્ત તમામ

**જવાબ (A) રક્ષકકોષો**

**18. વનસ્પતિમાં પ્રોટીનના નિર્માણ માટે ...... ખનીજતત્ત્વ જરૂરી છે.**

(A) પોટેશિયમ (B) નાઇટ્રોજન (C) મૅગ્નેશિયમ (D) ફૉસ્ફરસ

**જવાબ (B) નાઇટ્રોજન**

**19. સજીવોને મારી નાખ્યા વગર તેમાંથી પોષણ પ્રાપ્ત કરતા સજીવોમાં .......... નો સમાવેશ થાય છે.**

(A) અમરવેલ-જળો (B) ઑર્કિડ-ઊધઈ (C) જૂ-પટ્ટીકૃમિ (D) ઉપરોક્ત તમામ

**જવાબ (D) ઉપરોક્ત તમામ**

**20. ......... માં ખોરાકને મુખમાં લઈ જવા માટે પક્ષ્મોની ગતિ જવાબદાર છે.**

(A) અમીબા (B) પેરામિશિયમ (C) યુગ્લીના (D) ડ્રોસોફિલા

**જવાબ (B) પેરામિશિયમ**

**21. મુખમાં ....... દ્વારા સ્ટાર્ચના જટિલ અણુનું શર્કરામાં રૂપાંતરણ થાય છે.**

(A) લાળરસીય એમાયલેઝ (B) પ્રોટીએઝ (C) લાયપેઝ (D) ટ્રિપ્સિન

**જવાબ (A) લાળરસીય એમાયલેઝ**

**22. પાચનમાર્ગમાં ખોરાકનું આગળ તરફ વહન .......... દ્વારા થાય છે.**

(A) ક્રમાનુસાર સંકોચન ગતિ (B) અનિયમિત ગતિ (C) અનિયંત્રિત ગતિ (D) સંકોચન-વિસ્તરણ ગતિ

**જવાબ (A) ક્રમાનુસાર સંકોચન ગતિ**

**23. જઠરરસના HClની અસરથી તેની દીવાલનું રક્ષણ .......... કરે છે.**

(A) પેપ્સિન (B) મંદ HCl (C) શ્લેષ્મ (D) પાણી

**જવાબ (C) શ્લેષ્મ**

**24. પાચનમાર્ગનું સૌથી લાંબામાં લાંબું અંગ .......... છે.**

(A) જઠર (B) નાનું આંતરડું (C) મોટું આંતરડું (D) મળાશય

**જવાબ (B) નાનું આંતરડું**

**25. માંસાહારી પ્રાણીઓમાં નાનું આંતરડું ખૂબ જ ........ હોય છે.**

(A) મોટું (B) નાનું (C) લંબાઈવાળું (D) સીધું-લાંબુ

**જવાબ (B) નાનું**

**26. ચરબીના ભૌતિક પાચનમાં ........ મહત્ત્વનો ભાગ ભજવે છે.**

(A) સ્વાદુરસ (B) પિત્તરસ (C) લાળરસ (D) ઉપરોક્ત તમામ

**જવાબ (B) પિત્તરસ**

**27. આંત્રરસમાં આવેલા ઉત્સેચક ......... દ્વારા ચરબીનું પાચન ફેટીઍસિડ અને ગ્લિસરોલમાં થાય છે.**

(A) પ્રોટીએઝ (B) સુક્રેઝ (C) લાયપેઝ (D) માલ્ટેઝ

**જવાબ (C) લાયપેઝ**

**28. પાચિત ખોરાકનું અભિશોષણ ......... દ્વારા થાય છે.**

(A) જઠરની દીવાલ (B) મળાશયની દીવાલ (C) યકૃતની દીવાલ (D) આંત્રમાર્ગની દીવાલ

**જવાબ (D) આંત્રમાર્ગની દીવાલ**

**29. રસાંકુરોમાં આવેલી ......... દ્વારા ખોરાકનું અભિશોષણ અને વહન થાય છે.**

(A) ધમનીઓ (B) શિરાઓ (C) રુધિરવાહિનીઓ (D) ઉપરોક્ત તમામ

**જવાબ (C) રુધિરવાહિનીઓ**

**30. સજીવોમાં ગ્લુકોઝનું પર્ણ વિઘટન $CO_2$ અને $H_2O$માં કરવા માટે .......... નો ઉપયોગ થાય છે.**

(A) ઑક્સિજન (B) નાઇટ્રોજન (C) પોટૅશિયમ (D) કૅલ્શિયમ

**જવાબ (A) ઑક્સિજન**

**31. યીસ્ટમાં આથવણની ક્રિયા દરમિયાન પાયરુવેટનું રૂપાંતરણ ......... અને કાર્બન ડાયોક્સાઇડમાં થાય છે.**

(A) પ્રોપેનોલ (B) ઇથેનોલ (C) મિથેનોલ (D) બ્યૂટેનોલ

**જવાબ (B) ઇથેનોલ**

**32. સ્નાયુપેશીમાં કોષોમાં ઑક્સિજનનું પ્રમાણ ઘટે તો પાયરુવેટનું રૂપાંતરણ ......... માં થાય છે.**

(A) લૅક્ટિક ઍસિડ (B) એસેટિક ઍસિડ (C) સાયટ્રિક ઍસિડ (D) સલ્ફ્યુરિક ઍસિડ

**જવાબ (A) લૅક્ટિક ઍસિડ**

**33. જળચર પ્રાણીઓમાં શ્વાસદર સ્થળચર પ્રાણીઓ કરતાં વધારે હોય છે કારણ કે...**

(A) હવા કરતાં પાણીમાં દ્રાવ્ય $O_2$નું પ્રમાણ ઓછું હોય છે.

(B) હવા કરતાં પાણીમાં દ્રાવ્ય $O_2$નું પ્રમાણ વધુ હોય છે.

(C) પાણીમાં હવા કરતાં દ્રાવ્ય $O_2$નું પ્રમાણ ઘણું વધારે હોય છે.

(D) પાણીમાં અને હવામાં ઑક્સિજનનું પ્રમાણ સરખું જ હોય છે.

**જવાબ (A) હવા કરતાં પાણીમાં દ્રાવ્ય $O_2$નું પ્રમાણ ઓછું હોય છે.**

**34. શ્લેષ્મ સ્તરમાંથી ગળાયેલી હવા ......... દ્વારા ફેફસાંમાં વહન પામે છે.**

(A) શ્વસન (B) ગ્રીવા (C) અન્નનળી (D) પાચનનળી

**જવાબ (B) ગ્રીવા**

**35. ગ્રીવામાં હવાનો માર્ગ બંધ ન થાય તે માટે તેમાં ...... રચના હાજર હોય છે.**

(A) અસ્થિની વલયમય રચના (B) કાસ્થિની વલયમય રચના (C) અસ્થિની રચના (D) કાસ્થિની રચના

**જવાબ (B) કાસ્થિની વલયમય રચના**

**36. ફેફસાંના વાયુકોષ્ઠો દ્વારા .......... ક્રિયા થાય છે.**

(A) પ્રકાશસંશ્લેષણ (B) વાત-વિનિમય (C) ઉત્સર્જન (D) પાચન

**જવાબ (B) વાત-વિનિમય**

**37. ........ ની દીવાલ પર રુધિરકેશિકાઓની વિસ્તૃત જાળીરૂપ રચના જોવા મળે છે.**

(A) વાયુકોષ્ઠો (B) ફેફસાં (C) યકૃત (D) મળાશય

**જવાબ (A) વાયુકોષ્ઠો**

**38. રક્તકણમાં આવેલ .......... દ્વારા ઑક્સિજન પેશીઓ સુધી પહોંચે છે.**

(A) વાયુકોષ્ઠો (B) હિમોગ્લોબીન (C) પાણી (D) ખનીજો

**જવાબ (B) હિમોગ્લોબીન**

**39. રુધિર દ્વારા આપણા શરીરમાં .......... નું વહન થાય છે.**

(A) ખોરાક (B) ઑક્સિજન (C) નકામા પદાર્થો (D) ઉપરોક્ત તમામ

**જવાબ (D) ઉપરોક્ત તમામ**

**40. $CO_2$ યુક્ત રુધિરને $CO_2$ મુક્ત કરવા માટે .......... માં લઈ જવામાં આવે છે.**

(A) મૂત્રપિંડ (B) હૃદય (C) ફેફસાં (D) સ્વાદુપિંડ

**જવાબ (C) ફેફસાં**

**41. હૃદયમાં આવેલા .......... તેની વિરુદ્ધ દિશામાં રુધિર પ્રવાહને રોકવાની ક્રિયા કરે છે.**

(A) કર્ણકો (B) ક્ષેપકો (C) પડદાઓ (D) વાલ્વ

**જવાબ (D) વાલ્વ**

**42. ........ માં રુધિર એક જ દિશામાં વહે છે કારણ કે તેમાં વાલ્વ આવેલા હોય છે.**

(A) શિરા (B) શિરિકા (C) ધમની (D) રુધિરકેશિકા

**જવાબ (C) ધમની**

**43. અંગોમાં આવેલી કેશિકાઓ ભેગી મળી અશુદ્ધ રુધિરને ...... માં ઠાલવે છે.**

(A) શિરા (B) ધમનિકા (C) ધમની (D) હૃદય

**જવાબ (A) શિરા**

**44. રુધિરના વધુ પડતા બાહ્યસ્રાવથી .......... છે.**

(A) રુધિરદબાણ વધી જાય (B) રુધિરદબાણ ઘટી જાય

(C) રુધિરદબાણ યથાવત્ રહે (D) રુધિરદબાણ વધ-ઘટ થાય

**જવાબ (B) રુધિરદબાણ ઘટી જાય**

**45. રુધિરસ્રાવ અટકાવતા રુધિરકોષોમાં ......... મહત્ત્વનો ભાગ ભજવે છે.**

(A) રક્તકણો (B) શ્વેતકણો (C) ત્રાકકણો (D) લસિકાકણો

**જવાબ (C) ત્રાકકણો**

**46. નાના આંતરડા દ્વારા અભિશોષણ પામેલ ચરબીનું વહન ........ દ્વારા થાય છે.**

(A) રુધિર (B) પાણી (C) લસિકા (D) રક્તકણો

**જવાબ (C) લસિકા**

**47. અન્નવાહક પેશી દ્વારા થતી પ્રકાશસંશ્લેષણની દ્રાવ્ય નીપજોનું વહન .......... કહેવાય છે.**

(A) સ્થળાંતરણ (B) વહન (C) પ્રસરણ (D) ઉત્સર્જન

**જવાબ (A) સ્થળાંતરણ**

**48. એકકોષીય સજીવોમાં ઉત્સર્ગ ઘટકોનો નિકાલ શરીરની સપાટીથી પાણીમાં .......... દ્વારા થાય છે.**

(A) વહન (B) સ્થળાંતરણ (C) પ્રસરણ (D) શોષણ

**જવાબ (C) પ્રસરણ**

**49. ....... માં રુધિરના ગાળણ માટે રુધિરકેશિકા ગુચ્છ જેવી રચના જોવા મળે છે.**

(A) મૂત્રપિંડ (B) યકૃત (C) જઠર (D) મૂત્રાશય

**જવાબ (A) મૂત્રપિંડ**

**50. મૂત્રાશયની ક્રિયાઓનું નિયંત્રણ .......... દ્વારા થાય છે.**

(A) સ્નાયુઓ (B) ચેતાઓ (C) પેશીઓ (D) રુધિર

**જવાબ (B) ચેતાઓ**

**51. પ્રકાશસંશ્લેષણ દરમિયાન નીપજરૂપે ઉદ્ભવતો વાયુ ....... છે.**

(A) ઑક્સિજન (B) કાર્બન ડાયૉક્સાઇડ (C) નાઇટ્રોજન (D) સલ્ફર

**જવાબ (A) ઑક્સિજન**

**52. વનસ્પતિમાં ઉત્સર્ગ દ્રવ્યોનો સંગ્રહ કોષીય ........ માં થાય છે.**

(A) કોષરસ (B) રસધાની (C) તારાકેન્દ્ર (D) લાયસોઝોમ

**જવાબ (B) રસધાની**

**53. વનસ્પતિમાં ઉત્સર્ગ પદાર્થો - રેઝિન અને ગુંદરનો સંગ્રહ .......... પેશીમાં થાય છે.**

(A) જૂની જલવાહક (B) જૂની સ્થૂલકોણક (C) દઢોત્તક (D) નીલકણોતક

**જવાબ (A) જૂની જલવાહક**

**54. પ્રોટીનનું પાચન થતા તેનું રૂપાંતરણ ..........માં થાય છે.**

(A) કાર્બોદિત (B) એમિનો ઍસિડ (C) સ્ટાર્ચ (D) ગ્લુકોઝ

**જવાબ (B) એમિનો ઍસિડ**

**55. પ્રકાશસંશ્લેષણ દરમિયાન નીચેનામાંથી કયો ક્રમ સાચો છે ?**

**(i) પ્રકાશ શક્તિનું શોષણ**

**(ii) પ્રકાશ શક્તિનું રાસાયણિક શક્તિમાં રૂપાંતરણ અને પાણીનું વિઘટન**

**(iii) $CO_2$ના રિડક્શનથી કાર્બોદિતનું નિર્માણ**

(A) (i), (iii), (ii) (B) (i), (ii), (iii) (C) (ii), (i), (iii) (D) (ii), (iii), (i)

**જવાબ (B) (i), (ii), (iii)**

**56. પ્રકાશસંશ્લેષણ દર્શાવતું સમીકરણ ........... છે.**

(A) $CO_2 + 12\ H_2O \rightarrow C_6H_{12}O_6 + 6\ CO_2 + H_2O$ (B) $CO_2 + 6\ H_2O \rightarrow C_6H_{12}O_6 + 6\ CO_2 + H_2O$

(C) $6\ CO_2 + H_2O \rightarrow C_6H_{12}O_6 + CO_2 + 12\ H_2O$ (D) $6\ CO_2 + 12\ H_2O \rightarrow C_6H_{12}O_6 + 6\ O_2 + 6\ H_2O$

**જવાબ (D) $6\ CO_2 + 12\ H_2O \rightarrow C_6H_{12}O_6 + 6\ O_2 + 6\ H_2O$**

**57. પર્ણરંધ્ર ખૂલવા બંધ થવાની ક્રિયા ......... દ્વારા થાય છે.**

(A) ક્લોરોફિલ (B) નીલકણ (C) પર્ણરંધ્ર (D) રક્ષકકોષો

**જવાબ (D) રક્ષકકોષો**

**58. સ્વાદુપિંડ દ્વારા સ્રવતા સ્વાદુરસમાં .......... હોય છે.**

(A) ટ્રિપ્સિન (B) પેપ્સિન (C) પિત્તરસ (D) (A) અને (B) બન્ને

**જવાબ (D) (A) અને (B) બન્ને**

**59. શરીરમાં $CO_2$નું વહન ......... દ્વારા થાય છે.**

(A) હિમોગ્લોબીન (B) પાણી (C) રુધિર (D) ઉપરના બધા જ

**જવાબ (C) રુધિર**

**60. ફુપ્ફુસીય ધમની દ્વારા રુધિરનું વહન ......... થાય છે.**

(A) હૃદયથી અંગો તરફ (B) હૃદયમાં (C) આમાંથી એક પણ નહીં (D) ઉપરના બધા જ

**જવાબ (A) હૃદયથી અંગો તરફ**

**61. પ્રવાહી નાઇટ્રોજન ઉત્સર્ગ ઘટકના નિકાલની કૃત્રિમ પદ્ધતિ ........... છે.**

(A) મૂત્ર નિર્માણ (B) ડાયાલિસિસ (C) ઉત્સર્જન (D) ઉપરના બધા જ

**જવાબ (B) ડાયાલિસિસ**